ગુજરાતી સાહિત્ય અકાદમી

# Gujarati Literary Academy

'Kutir', 4 Rosecroft Walk, off Crawford Avenue, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · Tel. : 020-8902 0993

Charity Registration No. 1087722

પ્રમુખ : ભદ્રા વડગામા
President : Bhadra Vadgama

મહામંત્રી : વિપુલ કલ્યાણી
Secretary General : Vipool Kalyani

## બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરા : ઐતિહાસિક અને સાંપ્રત દષ્ટિકોણ

વિલાયતની 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ની અવસ્થા હવે ત્રણ દાયકાની બહાર નીકળી છે. ૧૨ ફેબ્રુઆરી ૧૯૭૭ના દિવસે, આ અકદામીની, અહીં બ્રિટનમાં, વિધિવત્ રચના કરવામાં આવેલી. આ સાંસ્કૃતિક મહત્ત્વની ઘટનાને ધ્યાનમાં લઈને, 'ગુજરાતી સાહિત્ય અકાદમીની ત્રિશતિ : દશા અને દિશા' નામે ત્રિવિધ કાર્યક્રમોની ગોઠવણ કરવામાં આવી રહી છે.

પહેલા ચરણ રૂપે, અમદાવાદ ખાતે શનિવાર, ૧૦ જાન્યુઆરી ૨૦૦૯ના રોજ, બપોરે ઠીક ત્રણ વાગ્યાથી, અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠ સંકુલના સભાખંડમાં, 'બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરા : ઐતિહાસિક અને સાંપ્રત દષ્ટિકોણ' વિશે એક જાહેર પરિસંવાદ થશે. ઈતિહાસકાર દંપતી ડૉ. શીરીન મહેતા તથા પ્રાધ્યાપક મકરન્દ મહેતાનો પડાવ એકાદ વરસ પહેલાં ત્રણેક માસ માટે અહીં ઈંગ્લૅન્ડમાં રહ્યો અને તેનું યજમાનપદ અકાદમી ઉપરાંત વિચારપત્ર "ઓપિનિયન" તેમ જ 'ચંદરયા ફાઉન્ડેશન' દ્વારા કરવામાં આવ્યું હતું, તેનું સૌને સ્મરણ હશે. 'ગુજરાતી ડાયસ્પોરા ઈન બ્રિટન : અ હિસ્ટોરિક ઍન્ડ કન્ટેમ્પોરરી પરસ્પેક્ટિવ' વિષય પરત્વે મુલાકાતો અને સંશોધન આધારિત પુસ્તક તૈયાર કરવાની એક યોજના હતી. હવે આ સંશોધન પુસ્તક તૈયાર થયું છે અને તેનું પ્રગટીકરણ પણ થવાનું છે. આ અવસર 'ગુજરાતી લેક્સિકોન'ના સક્રિય સહયોગથી સમ્પન્ન થઈ રહ્યો છે. આ પહેલા કાર્યક્રમની વિગતો આ મુજબ રહેશે :

**શનિવાર, ૧૦ જાન્યુઆરી ૨૦૦૯** **સમય : બપોરે ૩.૦૦ વાગ્યાથી**

**સ્થળ :** ગૂજરાત વિદ્યાપીઠ સભાગૃહ, આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪, ગુજરાત, ભારત

**પરિસંવાદ વિશષ :** *'બ્રિટનનો ગુજરાતી ડાયસ્પોરા : ઐતિહાસિ અને સાંપ્રત દષ્ટિકોણ'.*

**શુભ કામના :** ડૉ. સુદર્શન આયંગર, કુલ સચિવ, ગૂજરાત વિદ્યાપીઠ

**અધ્યક્ષ :** ડૉ. મંગુભાઈ આર. પટેલ, પ્રમુખ, ગુજરાત ઈતિહાસ પરિષદ

**લોકાર્પણ વિધિ :** ડૉ રઘુવીરભાઈ ચૌધરી

**વક્તા :** શ્રી ભદ્રાબહેન વડગામા, ડૉ. ઈલાબહેન પાઠક, ડૉ. દાઉદભાઈ ઘાંચી, પ્રા. મકરંદભાઈ મહેતા, ડૉ. શીરીનબહેન મહેતા

બેઠકને અંતે પ્રીતિ ભોજનની સગવડ પણ હશે

દરેકને હાજર રહેવા ભાવભર્યું નિમંત્રણ છે

# ગુજરાતી સાહિત્ય અકાદમી
# Gujarati Literary Academy

'Kutir', 4 Rosecroft Walk, off Crawford Avenue, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · Tel. : 020-8902 0993

Charity Registration No. 1087722

પ્રમુખ : ભદ્રા વડગામા
President : Bhadra Vadgama

મહામંત્રી : વિપુલ કલ્યાણી
Secretary General : Vipool Kalyani


## ગુજરાતી ડાયસ્‌પોરિક સાહિત્યસર્જન : દશા અને દિશા

વળતે દિવસે, રવિવાર, ૧૧ જાન્યુઆરી ૨૦૦૯ના દિવસે, સવારે દસ વાગ્યાથી, અમદાવાદ ખાતે, 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પ્રાંગણમાં, 'ગુજરાતી ડાયસ્‌પોરિક સાહિત્યસર્જન : દશા અને દિશા' વિષય પર એક જાહેર પરિસંવાદ યોજાશે. આ સભામાં, ડાયસ્‌પોરિક ગુજરાતી પ્રકીર્ણ સાહિત્ય, કાવ્યસર્જન, વાર્તાવૈભવ તેમ જ નવલકથા બાબતના ચાર અલગ વિષયો પર તજજ્ઞો રજૂઆત કરવાનાં છે. આ અવસર પણ 'ગુજરાતી લેક્સિકોન'ના સક્રિય સહયોગથી સમ્પન્ન થઈ રહ્યો છે. આ બીજા દિવસના કાર્યક્રમની વિગતો આ મુજબ રહેશે :

**રવિવાર, ૧૧ જાન્યુઆરી ૨૦૦૯** **સમય : સવારે ૧૦.૦૦ વાગ્યાથી**

**સ્થળ :** રા. વિ. પાઠક સભાખંડ, ગોવર્ધન ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ, નદી કિનારે, આશ્રમ રોડ,

અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ગુજરાત

**પરિસંવાદ વિષય :** *'ડાયસ્‌પોરિક ગુજરાતી સાહિત્યસર્જન : દશા અને દિશા'*

**આશીર્વચન :** શ્રી નારાયણભાઈ દેસાઈ, પ્રમુખ, ગુજરાતી સાહિત્ય પરિષદ

### પહેલી બેઠક :

**અધ્યક્ષ :** ડૉ. અનિલાબહેન દલાલ

**વકતા :** (૧) શ્રી ભદ્રાબહેન વડગામા : 'પ્રકીર્ણ સાહિત્ય : નિબંધ, પ્રવાસવર્ણન, અનુવાદ, નાટ્યલેખન, ઈ.'

(૨) પ્રા. મધુસૂદનભાઈ કાપડિયા : કવિતા

### બીજી બેઠક :

**અધ્યક્ષ :** ડૉ. ભોળાભાઈ પટેલ

**વકતા :** (૧) શ્રી અનિલભાઈ વ્યાસ : નવલિકા

(૨) ડૉ. રમેશભાઈ ર. દવે : નવલકથા

**સમાપન :** શ્રી પ્રકાશ ન. શાહ

બપોરે તેમ જ સાંજે પ્રીતિભોજનની સગવડ પણ હશે

દરેકને હાજર રહેવા ભાવભર્યું નિમંત્રણ છે